-: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાંથી પસાર થતો એસ.જી.હાઇવે (૧૪૭) ઓલ્ડ-સી સિક્સ લેન કરવાની કામગીરી કેન્દ્રીય રોડ પરિવહન અને ધોરીમાર્ગ તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીમાં ઉજાલા સર્કલ ખાતે ફ્લાય ઓવરબ્રીજ બનાવવાનો હોય જે બ્રીજ રાજકોટથી સરખેજ તરફનો ૮૪૮-મીટરનો તૈયાર થનાર છે. જે કામગીરી ઉજાલા સર્કલ આગળથી સાણંદ સર્કલ, એલ.જે.કોલેજ કટ સુધી મુખ્ય રોડ ઉપર ચાલનાર છે. જેથી હયાત રોડની બન્ને બાજુ ૮.૯-મીટર પહોળાઇના બન્ને બાજુના રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર-જવર થઈ શકશે. તેમજ ઉજાલા સર્કલથી સાણંદ સર્કલથી ધોળકા સર્કલ તરફ તથા જુહાપુરા તરફથી સૌરાષ્ટ્ર તરફ જતા વાહનો ધોળકા સર્કલથી સાણંદ સર્કલથી ઉજાલા સર્કલથી સૌરાષ્ટ્ર તરફ ડાયવર્ઝન કરવામાં આવનાર છે. તેમજ વચ્ચેના ભાગે જ્યાં જ્યાં કામગીરી ચાલુ હશે ત્યાં રોડની બન્ને સાઇડ પતરાથી સેફ્ટી કરવામાં આવનાર છે.

તેમજ સાણંદ સર્કલ ખાતે પણ ઉપર મુજબ ઓવરબ્રીજ બનાવનાર હોઈ જે ફ્લાય ઓવર સરખેજ-ગાંધીનગરના રૂટનો ૧૦૫૦-મીટર લંબાઈનો તૈયાર થનાર છે. તેમા પણ હયાત રોડની બન્ને બાજુ ૮.૯-મીટર પહોળાઈના બન્ને બાજુના રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર-જવર થઈ શકશે.

સદરહું કામગીરી તા.૨૫/૦૨/૨૦૧૯ થી શરુ કરવામાં આવનાર છે અને સંભવિત બે-વર્ષ સુધીમાં આ કામ પુર્ણ થનાર છે.

ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.30/૧/૨૦૧૯

(જે.આર.મોથલીયા)
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક,અમદાવાદ શહેર